

# નફાકારક પશુપાલન માં ગીર ગાયનું મહત્વુ

નામ-શ્રી બેચરભાઈ કમાભાઈ સાંબડ
ગામ-રેશમીયા, તાલુકો-ચોટીલા
જીલ્લોક- સુરેન્દ્રનગર,ગુજરાત, મો. ૦૯૮૨૫૩૧૮૦૭૧

વિગત

| | |
|---|---|
| ઉંમર | : ૩૧ વર્ષ |
| શિક્ષણ | : ૧૨ પાસ |
| જમીન | : ૧૫ એકર |
| ખેતીનો અનુભવ | : ૧૦ વર્ષ |
| મુખ્યો પાકો | : કપાસ, બાજરી, મકાઈ |
| પશુધન | : ગીરગાયો |
| સામાજિક ઓળખ | : લોકપ્રિય પશુપાલક અને ડેરી સંચાલક |

અભિગમની વિગતઃ

સુરેન્દ્રનગર જીલ્લાોના ચોટીલા તાલુકાના રેશમીયા ગામના શ્રી બેચરભાઈ કમાભાઈ સાંબડ ધોરણ ૧૨ પાસ ભણેલ , નાનપણથી જ પશુઓ પ્રત્યે લાગણીશીલ ઉત્સાાહી પશુપાલક છે. પરંતુ નબળી ઓલાદના ઓછું દુધ આપતા જાનવરોની પસંદગીને કારણે તેમને પશુપાલનમાં નફાનું વળતર ઓછું મળતુ હતુ. પરંતુ, જયારથી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર , જુનાગઢ કૃષિ યુનિવર્સિટી , નાના કાંધાસર (ચોટીલા) ના સંપર્કમાં આવ્યાઅને કૃષિ વિજ્ઞાન કેન્દ્રના ગીર યુનિટ , ઈન્ટીેગ્રેટેડ ફાર્મીંગ સીસ્ટવમ મોડલ તથા ધાચચારા યુનિટની મુલાકાત લઈ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના પશુપાલન નિષ્ણાં ત પાસેથી વૈજ્ઞાનિક માર્ગદર્શન મેળવ્યુે, ત્યાલર બાદ શ્રી બેચરભાઈએ ૫ (પાંચ) ગીર ગાયો સાથે પશુપાલન વ્ય વસાય શરૂ કરેલ આજે તેમની પાસે ૧૦ (દશ) ગીરગાયો છે. તેઓ પશુઓલાદ સુધારણા માટે કૃત્રિમ બીજદાનનો ઉપયોગ કરે છે. પશુઓનું વૈજ્ઞાનિક રીતે માવજત કરે છે. પશુ ખોરાકમાં દરરોજ ૩૦ ગ્રામ મીનરલ મીકસર આપે છે. લીલુ અને સુકુ ધાસના કટકા મીક્ષમાં ચાફકટરનો ઉપયોગ કરી ખવડાવે છે. દરરોજના ૧ (એક) ગાયના એવરેજ ૧૨(બાર) લીટર દુધ ઉત્પાલદન સાથેમહિને ટોટલ ૪૫(પીસ્તાટલીસ)હજારની ચોખી આવક દુધમાથી મેળવે છે અને દુધ ઉત્પાાદનની સાથે છાણીયા ખાતરનો ઉપયોગ કરે છે. છાણીયા ખાતરના ઉપયોગના કારણે લીલાચારા ઉપરાંત અન્યો ખેતી પાકોના ઉત્પાકદનમાં વધારો થયો છે.

| | |
|---|---|
| | **<u>અભિગમની ઉપયોગીતાઃ</u>**<br>સુરેન્દ્રનગર જીલ્લાના પશુપાલકો સારી ઓલાદના જાનવરો ઓછા રાખે છે.પરંતુ ઉપરોકત પશુપાલકને જોઈને તેમની ગામની આસ-પાસના પશુપાલકોએ ગીર ગાયની ઓલાદ રાખવાનું શરૂ કરેલ છે તથા કૃત્રિમબીજદાન કરાવતા થયા છે.ગામની આસ-પાસ ગીર ઓલાદના જાનવરની લીધે દુધ ઉત્પાદનમાં વધારો થયો છે અને નફાના ગાળામાં સારો એવો વધારો થયેલ છે. |
|  |  |
| ગીર ગાય ની વાછરડીઓ | ગીર ગાયો |